# ધિ પંચમહાલ ડીસ્ટ્રીકટ કોઓપરેટીવ બેંક લિમિટેડ

**નીચેની જગ્યાઓ માટે પરિણામલક્ષી લાયકાત ધરાવતા અને ઉત્સાહી ઉમેદવારો પાસેથી અરજીઓ આમંત્રિત કરે છે.**

| ક્રમ નં. | પોસ્ટ | ઉંમર | શૈક્ષણિક લાયકાત | અનુભવ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | જનરલ મેનેજર | ૩૫-૫૧* | **આવશ્યક:** સ્નાતક (માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં)<br>**પ્રાધાન્ય:** એમ.કોમ, એમબીએ (ફાઇનાન્સ), સીએ, સીએમએ, અથવા સમકક્ષ. | સહકારી/વાણિજ્યિક બેંકોમાં મેનેજર (અથવા સમકક્ષ) તરીકે 8+ વર્ષ. | ૧ |
| ૨ | ડેપ્યુટી જનરલ મેનેજર | ૩૨-૪૫* | **આવશ્યક:** સ્નાતક (માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં)<br>**પ્રાધાન્ય:** એમ.કોમ , એમબીએ (ફાઇનાન્સ), સીએ, સીએમએ, અથવા સમકક્ષ. | સહકારી/વાણિજ્યિક બેંકોમાં મેનેજર (અથવા સમકક્ષ) તરીકે 5+ વર્ષ. | ૩ |
| ૩ | આસિસ્ટન્ટ જનરલ મેનેજર | ૩૦-૪૦* | **આવશ્યક:** સ્નાતક (માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં)<br>**પ્રાધાન્ય:** એમ.કોમ , એમબીએ (ફાઇનાન્સ), સીએ, સીએમએ, અથવા સમકક્ષ. | સહકારી/વાણિજ્યિક બેંકોમાં સહાયક મેનેજર અથવા સિનિયર ઓફિસર અથવા સમકક્ષ તરીકે 5+ વર્ષ. | ૨ |
| ૪ | મેનેજર | ૨૮-૪૦* | **આવશ્યક:** સ્નાતક (માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં)<br>પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી ઇચ્છનીય છે. | સહકારી/વાણિજ્યિક બેંકોમાં સિનિયર ઓફિસર/આસિસ્ટન્ટ મેનેજર અથવા સમકક્ષ તરીકે 3+ વર્ષ. | ૨ |
| ૫ | ડેપ્યુટી મેનેજર | ૨૮-૪૦* | **આવશ્યક:** સ્નાતક (માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં)<br>પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી ઇચ્છનીય છે. | સહકારી/વાણિજ્યિક બેંકોમાં સિનિયર ઓફિસર/આસિસ્ટન્ટ મેનેજર અથવા સમકક્ષ તરીકે 3+ વર્ષ. | ૩ |

| ક્રમ નં. | પોસ્ટ | ઉંમર | શૈક્ષણિક લાયકાત | અનુભવ | ખાલી જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૬ | એક્ઝિક્યુટિવ | ૨૮-૪૦* | **આવશ્યક:** સ્નાતક (માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં) પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી ઇચ્છનીય છે. | સહકારી/વાણિજ્યિક બેંકોમાં સિનિયર ઓફિસર/આસિસ્ટન્ટ મેનેજર અથવા સમકક્ષ તરીકે 3+ વર્ષ. | 3 |
| ૭ | સીનીયર ઓફિસર | ૨૫-૩૫* | **આવશ્યક:** સ્નાતક (માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં) પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી ઇચ્છનીય છે. | સહકારી/વાણિજ્યિક બેંકોમાં જુનિયર ઓફિસર અથવા સમકક્ષ તરીકે 3+ વર્ષ. | 3 |
| ૮ | જુનિયર ઓફિસર | ૨૨-૩૨* | **આવશ્યક:** સ્નાતક (માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં) પોસ્ટ ગ્રેજ્યુએશન ડિગ્રી ઇચ્છનીય છે. | સહકારી/વાણિજ્યિક બેંકોમાં ક્લાર્ક/કેશિયર/ફ્રન્ટ લાઇન સ્ટાફ અથવા સમકક્ષ તરીકે 3+ વર્ષ. | 30 |
| ૯ | ક્લાર્ક | ૨૦-30 (ઉંમરમાં કોઈ છૂટછાટ નથી) | સ્નાતક (માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીમાંથી કોઈપણ વિષયમાં) ઓછામાં ઓછા ૫૫% # | આવશ્યક નથી | ૧૦૦ |

** વય છૂટ ફક્ત અપવાદરૂપે લાયક અને અનુભવી ઉમેદવારો માટે ઉપલી વય મર્યાદા પર લાગુ પડે છે. લઘુત્તમ વય આવશ્યકતામાં કોઈ છૂટછાટ રહેશે નહિ.*

*# કમ્પ્યુટર બેકગ્રાઉન્ડ નહિ ધરાવતા ઉમેદવારો પાસે બેઝિક કમ્પ્યુટર કોર્ષનું પ્રમાણપત્ર હોવું આવશ્યક છે અથવા બેંકમાં જોડાયાનાં છ મહિનાની અંદર સંબંધિત અભ્યાસક્રમ પૂર્ણ કરવો આવશ્યક છે.*

*$ એક થી વધુ પોસ્ટ માટે અરજી કરતા ઉમેદવારોએ નોંધ લેવી કે દરેક જગ્યા માટે અલગ પરીક્ષાઓ લેવામાં આવશે.*

**સામાન્ય શરતો અને નિયમો:**

- **અરજી ફી:** ₹૧૦૦૦/- પ્રતિ પોસ્ટ **(ફી રિફંડપાત્ર નથી)**
- **મહત્વપૂર્ણ તારીખ:** ઉંમરની ગણતરી તારીખ **૧ જુલાઈ ૨૦૨૬** નાં રોજથી કરવામાં આવશે.
- **શૈક્ષણિક સમયગાળો:** તમામ જરૂરી શૈક્ષણિક લાયકાતો (સ્નાતક/અનુસ્નાતક) સંબંધિત યુનિવર્સિટી અથવા બોર્ડ દ્વારા નિર્ધારિત ન્યૂનતમ પ્રમાણિત કોર્સ સમયગાળાની અંદર પૂર્ણ કરેલી હોવી જોઈએ. જે ઉમેદવારોએ બેકલોગ (backlog) અથવા એટીકેટી (ATKT) ક્લિયર કરવા માટે નિર્ધારિત સમયગાળા કરતાં વધારાના સેમેસ્ટર કે વર્ષ લીધા હોય, તેઓ આ જગ્યાઓ માટે અરજી કરવા પાત્ર ગણાશે નહીં.
- **પ્રોબેશન સમયગાળો:** બધા કેડર માટે બેંકમાં જોડાવાની તારીખથી 01 વર્ષ અને જો જરૂરી હોય તો લંબાવી શકાય છે.
- **પસંદગી પ્રક્રિયા:** લાયકાત ધરાવતા ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવશે, ત્યારબાદ શોર્ટલિસ્ટ થયેલા ઉમેદવારોનો ઇન્ટરવ્યુ લેવામાં આવશે.
- **સંદેશાવ્યવહાર:** તમામ પોસ્ટ માટે ફક્ત ઓનલાઈન અરજી સ્વીકારવામાં આવશે. અરજી માટે કોઈ હાર્ડ કોપી સ્વીકારવામાં આવશે નહીં. તમામ પરીક્ષાઓ/ઇન્ટરવ્યુ સંબંધિત સૂચનાઓ/ પત્રવ્યવહાર ફક્ત ઈમેલ દ્વારા મોકલવામાં આવશે.
- **ભાડાભથ્થું:** ઉમેદવારોએ પોતાના ખર્ચે લેખિત પરીક્ષા અને ઇન્ટરવ્યુ સ્થળે હાજર થવાનું રહેશે.
- **બેંકનાં અધિકારો:** બેંક કોઈપણ કારણ આપ્યા વિના, ભરતી પ્રક્રિયા અંગેના તમામ અધિકારો પોતાની પાસે અનામત રાખે છે.

**કેવી રીતે અરજી કરવી:**

- **સત્તાવાર લિંક:** https://pdc.bank.in/career ની મુલાકાત લો અથવા https://pdc.ugrowhrservices.com દ્વારા ઓનલાઈન અરજી કરો.
- અરજી ફી કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહિ.
- **પ્રક્રિયા:** ડિજિટલ ફોર્મ ભરો અને બધા જરૂરી દસ્તાવેજો અપલોડ કરો.
- **ફી મોકલવાની વિગત: UPI QR CODE** (ઉમેદવારોએ ફી ચુકવણીની વિગતો સાચવવી આવશ્યક છે)
- **અરજી કરવાની તારીખ:** ૧૪ જુન ૨૦૨૬ થી ૨૮ જુન ૨૦૨૬ મધ્યરાત્રિએ અથવા તે પહેલાં સબમિટ કરવાની રહેશે.
- બેંક પાસે અરજીની તારીખ લંબાવાનો અબાધિત અધિકાર રહેશે.

**તારીખ: ૧૩ જુન ૨૦૨૬**

**બોર્ડ ઓફ ડીરેક્ટર્સ નાં હુકમથી/-**

**(રશેષ પી. શાહ)**

**ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર**

**ધિ પંચમહાલ ડીસ્ટ્રીકટ કોઓપરેટીવ બેંક લિમિટેડ**